# પ્રાંતિજ ખાતે જિલ્લા સમાહર્તા સી. જે. પટેલે કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી

## લોકોને કામ વગર ઘરની બહાર ન નિકળવા અપીલ કરી : નગરજનોને ઉકાળો પીવા આગ્રહ કરવામાં આવ્યો : વારંવાર સાબુથી હાથ ધોવા જોઇએ

પ્રાંતિજ તા. ૯
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લા સમાહર્તા સી. જે. પટેલ દ્વારા સરકાર દ્વારા કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી. કડીયાવાસ, ખત્રીવાસ, સ્વામિનારાયણ નગર, શાન્તીનાથ સોસાયટી, વ્હોરવાડ, પિડારીયા સહિતના કન્ટેઈનમેન્ટ ઝોનની જિલ્લા સમાહર્તા સી. જે. પટેલે સ્થળ મુલાકાત લીધી હતી અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તો પ્રાંતિજ સહિત તાલુકાના લોકોની ચિંતા સાથે તેમના સ્વાસ્થ્ય અને સુખાકારી રહે તે માટે જિલ્લા સમાહર્તા સી. જે. પટેલ દ્વારા અધિકારીઓ



હાલ કોરોનાની મહામારીને લઈને દેશ સહિત વિદેશોમાં હજુ કોરોનાનુ ગ્રહણ યથાવત છે ત્યારે ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે જેમાં સાબરકાંઠા જિલ્લા અત્યાર સુધીમાં ૨૦૮ જેટલા કોરોના પોઝીટીવ કેસો નોધાયા છે ત્યારે ૧૪૧ દર્દીઓને કોરોના મુકત થતાં રજા પણ અપાઈ છે તો જિલ્લામાં કોરોનાને લઈને ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે તો ૬૧ દર્દીઓ હજુ સારવાર અર્થે છે તો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં પણ કોરોનાનો કહેર યથાવત જોવા મળ્યો છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં પણ કોરોના પોઝીટીવ ૫૫થી પણ વધારે આક પાર કર્યો છે ત્યારે કોરોના પોઝીટીવ કેસો હજુ મળી આવતા પ્રાંતિજના લોકોને કામ વગર ધરની બહાર નહી નિકળવા તથા સાબુથી અવાર-નવાર હાથ ધોવા, ઉકાળો નિયમિતરૂપે પીવા પ્રાંતિજ નગરના લોકોને તથા જિલ્લાના લોકોને આહ્વાન કરવામાં આવ્યું હતું અને કોરોનાથી ગભરાવવાની જરૂર નથી નિયમીત રીતે ઉપચાર કરવામાં આવે તો કોરોના ભાગી જાય છે તો પ્રાંતિજ-તલોદના નાયબ કલેકટર સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ. પી. ભગૌરા, તાલુકા હેલ્થ ઓફિસર આર. કે. યાદવ, પ્રાંતિજ મહિલા પીએસઆઈ એ. બી. મિસ્ત્રી, દિગવિજયસિંહ, નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ, આરોગ્ય કર્મચારી નવીનભાઈ પટેલ, આર. ડી. ઝાલા સહિતના સાથે વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી.

## જિલ્લાના ત્રણ પીઆઈની તાલુકા ફેર બદલી કરાઈ

હિંમતનગર, તા. ૯
ઈડરમાં ફરજ બજાવતા પી.એલ. વાઘેલાને પ્રાંતિજ મુકાયા છે અને પ્રાંતિજના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. ચંપાવતને એલસીબીમાં તથા ઈન્ચાર્જ સી.પી.આઈ. હિંમતનગરના એમ.ડી. ઝાલાને ઈડર પોલીસ સ્ટેશનમાં મુકાયા છે. તથા સીપીઆઈ હિંમતનગરનો વધારાનો ચાર્જ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.એસ. ત્રિવેદીને સોંપાયો છે.

# સાબરકાંઠામાં કોરોનાના વધુ આઠ કેસ ઉમેરાયા

## કોરોના પોઝીટીવ કેસનો કુલ આંકડો ૨૧૮ પહોંચ્યો : હિંમતનગર અને પ્રાંતિજ શહેર તથા તાલુકાના મળી ૭ દર્દીઓને રજા અપાઈ

હિંમતનગર, તા. ૯
સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝીટીવના ૭થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં વધુ આઠ કેસનો ઉમેરો થયો છે અને કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૨૧૮ પર પહોંચી ગયો છે. જોકે ગુરૂવારે કોવિડ હોસ્પિટલોમાંથી સાત દર્દીઓને રજા આપી દેવામાં આવી છે તેમ છતાં ગુરૂવારે જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૬૧ રહી છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા આઠ કેસ નોંધાયા છે તેમાં પ્રાંતિજના વ્હોરવાડમાં રહેતા ૬૭ વર્ષીય મહિલા તથા પોગલુ ગામના ૬૭ વર્ષીય પુરૂષ કોરોના પોઝીટીવના ભોગ બનતા તેમને સારવાર માટે મોકલી દેવાયા છે. તેજ પ્રમાણે હિંમતનગરના ગીરધરનગર વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય પુરૂષ, હિંમતનગર તાલુકાના જોરાપુર ગામના ૭૦ વર્ષીય મહિલા કોરોનામાં સપડાયા છે. ઉપરાંત પીપોદર ગામના ૫૦ વર્ષીય પુરૂષ કોરોનામાં સપડાતા ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની સીમમાં આવેલ રાજબસેરા સોસાયટીના ૬૧ વર્ષીય પુરૂષ અને ૬૦ વર્ષીય મહિલા પણ કોરોનાનો ભોગ બનતા સોસાયટીના કેટલાક મકાનોને કોરોન્ટાઈન ઝોનમાં મુકી દેવાયા છે. સાથોસાથ રંગમહોલ સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય મહિલા કોરોનાનો ભોગ બનતા તેમના પરીવારમાં ભયની લાગણી ઉભી થઈ છે. જો કે અગાઉ હોસ્પિટલમાં દાખલ કરાયેલ ૭ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થઈ જતા ગુરૂવારે તેમને રજા આપી દેવામાં આવી છે. જેમાં હિંમતનગર તાલુકાના ૨, પ્રાંતિજ શહેરના ૪ અને સોનાસણ ગામના ૧ મળી અન્ય એક ગામના દર્દીને પણ રજા આપી દેવામાં આવી છે. ગુરૂવારે જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો કુલ આંકડો ૨૧૮ પર પહોંચી ગયો છે. ત્યારે જિલ્લાની પ્રજાએ હજુ વધુ સાવચેતી અને કોરોનાથી બચવા માટે ખાસ તકેદારી રાખવી જોઈએ.

# અરવલ્લીમાં વધુ પાંચ કેસ, કુલ ૨૬૦ કેસ મોડાસામાં કોરોનાથી વધુ એકનું મોત

અરવલ્લી જિલ્લામાં ગુરુવારે રોજ વધુ ૫ કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૨૬૦ પર પહોંચ્યો છે. મોડાસામાં કોરોનાએ ભરડો લીધો હોય તેમ મોડાસા શહેરમાં કોરોનાના કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં કોરોનાથી વધુ એક મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્ર જીલ્લા કોરોના સામે કામગીરીમાં નબળું પુરવાર થતા કોરોના હાવી થઈ રહ્યો છે મોડાસાના કોરોનાગ્રસ્ત અહેમદભાઈ ઈકબાલ ભાઈ મનવાનું અમદાવાદ સારવાર દરમિયાન મોત નિપજતા શહેરમાં કોરોનાથી મોત ની સંખ્યા ૨૨ ને પાર કરી ચુકી છે મોડાસા શહેરમાં કોરોના થી થતા ટપોટપ મોત થી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે શહેરમાં છેલ્લા ૫ દિવસમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૫ થી વધુ લોકોના મોત નિપજ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

ગુરુવારે રોજ મોડાસાના રાણાસૈયદ વિસ્તારની ૫૦ વર્ષીય મહિલા, પાવનસીટી માં ૪૨ વર્ષીય પુરુષ, વિનાયક સીટી પાછળ રહેતો પુરુષ અને મોડાસા તાલુકાના મડાસણા કંપાના ૫૪ વર્ષીય આધેડ કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો.ધનસુરા તાલુકાના રાજપુર ગામના ૫૨ વર્ષીય આધેડ પણ કોરોનામાં સપડાતા જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે.

કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ કેસ ૨૫૫ નોંધાતાં સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ છવાયો છે. જો કે શહેરના બજારોમાં જોઈએ તો બેખૌફ થઈને લોકો માસ્ક વગર કે સોશીયલ ડિસ્ટન્સ રાખ્યા વગર જોવા મળી રહ્યા છે. બીજી બાજુ મોડાસા શહેરને કોરોના વાઈરસે બાનમાં લીધું છે તેમાંય વધુમાં વધુ કેસો લઘુમતિ વિસ્તારમાંથી બહાર આવી રહ્યા છે ત્યારે આરોગ્યતંત્ર સઘન કામગીરી કરી વાઈરસના સંક્રમણને અટકાવે તેવી લોકમાંગ ઉઠી છે. હાલ તો તંત્ર દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી લોકોની અવર જવર ઉપર રોક લગાવવામાં આવી છે.અને આરોગ્ય તંત્રે સર્વેની કામગીરી હાથ ધરી છે.

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા

બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે ૬ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસા ૨, ધાનેરા ૧, દિયોદર ૨, કાંકરેજમાં ૧ કેસ સામે આવ્યો હતો. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૫૮ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.આ તરફ કોરોના દર્દીના સંપર્કમાં આવેલા તમામ લોકોની શોધખોળ હાથ ધરાઈ છે. આરોગ્ય તંત્ર દ્વારા આજે નોંધાયેલા દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં ખસેડી તેમને ચેપ કેવી રીતે અને ક્યાંથી લાગ્યો તે શોધવા કવાયત હાથ ધરાઈ છે.

બનાસકાંઠા જીલ્લામાં આજે કોરોનાના નવા ૬ કેસ સામે આવ્યા છે. જેમાં દિયોદરના લુંદ્રા ગામે એકસાથે બે સગાભાઈનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેમાં બંને દિયોદરમાં મરચા-મસાલાની ઘંટી ચલાવતાં હોવાનું સામે આવ્યુ છે. પ્રાથમિક રીતે તેમને કોઈ ગ્રાહક દ્વારા ચેપ લાગ્યો હોવાનું માનવામાં આવી રહ્યુ છે. આ તરફ ધાનેરાના અનાપુરા છોટામાં પણ ૩૫ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે, આજે ડીસામાં ૬૨ વર્ષિય પુરૂષ અને ૨૫ વર્ષિય મહિલા અને શિહોરીમાં ૫૫ વર્ષિય પુરૂષ કોરોનાના શિકાર બન્યા છે. અનલોકમાં મળેલી છુટછાટને પગલે વાહન વ્યવહાર બેફામ બનતાં, જીલ્લા બહારની મુસાફરી અને ગાઈડલાઈનનું પાલન નહિ કરવાને કારણે દરરોજ નવા કેસો સામે આવી રહ્યા છે. તંત્ર દ્વારા કોરોના પોઝિટીવ આવેલા વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

### ડીસામાં કોરોનાના વધુ બે કેસ, કુલ આંક ૧૦૫ પર પહોંચ્યો

ડીસામાં દિન પ્રતિદિન કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. એકાદ પખવાડિયા દરમિયાન લોકલ સંક્રમણ અચાનક વધી જતાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે ગુરુવારે પણ વધુ બે કેસ સામે આવ્યા હતા. જેના પગલે સમગ્ર ડીસા શહેરમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. ડીસામાં કોરોના પોઝીટિવ કેસનો આંકડો શતકને પણ પાર કરી ૧૦૫ સુધી પહોંચી જતા સમગ્ર શહેર અને તાલુકાની પ્રજામાં પણ દહેશત સાથે કોરોનાનો ખોફ જોવા મળ્યો હતો.

# મોડાસાથી શ્રમિકો ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના લઈ જાય તો નવાઈ નહિ...!!

## ચાર રસ્તા ટાઉનહોલ પાસે ભરાતા મજૂર મેળામાં સોશિયલ ડિસ્ટન્સ, માસ્કનો અભાવ

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે, પણ સામાજિક અંતરના ધજાગરા ઉડી રહ્યા છે, પણ તંત્ર હવે હથિયારે એઠે મુકી દીધાય હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા ચાર રસ્તા પર વહેલી સવારે મજૂર મેળો ભરાય છે, જ્યાં સમાજિક અંતરના લીરેલીરા ઉડી રહ્યા છે, પણ અધિકારીઓને કોઈ જ ફરક પડતો નથી. મોડાસા ચાર રસ્તા પોલિસ ચોકીની સામે જ સામાજિક અંતર નથી જળવાતું તો શહેરના અને જિલ્લાના અન્ય વિસ્તારોમાં સામાજિક અંતર ક્યાંથી જળવાશે તે કહેવું કદાચ મુશ્કેલ છે.આરોગ્ય તંત્ર અને નગરપાલિકા તંત્ર મોડાસા શહેરના ચાર રસ્તા પર મોટી સંખ્યામાં એકઠા થતા શ્રમિકોમાં કોરોના અંગે જાગૃતિ લાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે આગામી સમયમાં શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશન નો શ્રમિકો ભોગ બને તો આગામી સમયમાં કોરોના જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોને ઘમરોળે તેવો ખતરો પેદા થયો છે આરોગ્ય તંત્ર અને નગરપાલિકા તંત્ર આળશ ખંખેરી શ્રમિકોમાં કોરોના અંગે જાગૃતિ અભિયાન ચલાવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી ગયું છે અને કોરોના પોઝિટિવ કેસનો આંક શહેર અને ગ્રામ્ય વિસ્તાર મળી ૧૬૦ ઉપર પહોંચ્યો છે. લોક ડાઉન સમયે સામાજિક અંતર જાળવવા તંત્ર દ્વારા જોરશોરથી પ્રચાર પ્રસાર કર્યો હતો, પણ હવે તે ક્યાંય જોવા નથી મળી રહ્યું, જેને કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ જાય તો નવાઈ નહીં. મોડાસા શહેર હોટ સ્પોટ તરફ પ્રયાણ કરી ચુક્યું છે, પણ પાલિકા તંત્ર માસ્કનો દંડ વસૂલીને સંતોષ માની રહ્યું છે, પણ સોશિયલ ડીસ્ટેન્સ તરફ ધ્યાન ન તો વહીવટી તંત્ર આપી રહ્યું છે, કે ના પાલિકા તંત્ર. વહીવટી તંત્રન આંકડાઓ પર વિશ્વાસ કરીને સંતોષ માની લે તેવું લાગી રહ્યું છે, પણ બજારમાં જાઓ તો ખ્યાલ આવે કે, લશ્કર ક્યાં લડી રહ્યું છે.



### એક નજર અહીં પણ લગાવો સાહેબ

શરૂઆતમાં કોરોનાને કારણે શહેરમાં થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવતું હતું, પણ થર્મલ સ્ક્રિનિંગ શબ્દ વહીવટી તંત્રએ ગાયબ જ કરી નાખ્યો હોય તેવું લાગી રહ્યું છે. કલેક્ટર કચેરી ચેમ્બર સિવાય અન્ય કોઈ જ કચેરમાં થર્મલ સ્ક્રિનિંગ કરવામાં નથી આવતું, મોડાસા નગર પાલિકા, મામલતદાર કચેરી, આરોગ્ય કચેરી, જિલ્લા પંચાયત, જિલ્લા પોલિસ વડા કચેરી વગેરે સરકારી કચેરીઓમાં થર્મલ સ્ક્રિનિંગ ગાયબ થઈ ચુક્યું છે, જે એક ચિંતાનો વિષય છે.

### અધિકારીઓ ઓફિસ જવા શહેરના રસ્તાઓનો ઉપયોગ કરશો, તો ખબર પડે!

મોડાસા શહેરમાં શું થાય છે અને શું ચાલી રહ્યું છે, તે અધિકારીઓને કેમ કરીને ખ્યાલ આવે, કારણ કે, તેઓ ઓફિસ જવા માટે બાયપાસનો ઉપયોગ કરે છે, જેથી શહેરની પરિસ્થિતિનો ચિતાર ક્યાંથી મળે. મોટા ભાગના અધિકારીઓ બારોબાર નિકળી જાય છે, એટલે શહેરની પરિસ્થિતીથી તેઓ વાકેફ નથી થતાં, પણ સરકારના ઉચ્ચ અધિકારીઓનો ચોપડામાં લખેલા આંકડા મળી જાય છે, એટલે કામ પુરૂ. સાહેબ તાલુકા કક્ષાના અધિકારી આંકડાકીય માહિતીના થોથા લઈને આવે તો જરા સમજજો અને શહેરની મુલાકાત લેજો ખ્યાલ આવશે કે 'ક્યાં સે ક્યાં હો રહા હૈલ્લ.

# હિંમતનગરમાં કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતા

## વહિવટીતંત્ર દ્વારા અગમચેતીના પગલા લેવાની વિચારણા : દુકાનોનો સમય ઓછો કરવા વેપારી મંડળો સાથે ચર્ચા કરાશે

હિંમતનગર, તા. ૯
સાબરકાંઠાની તમામ સરહદે આવેલા અન્ય જિલ્લાઓમાં અનલોક-૨ બાદ કોરોના પોઝીટીવના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠામાં પણ મંગળવારે કોરોના પોઝીટીવનો આંકડો લગભગ ૧૯૯ પહોંચી ગયો છે. જેને લીધે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે દહેશત ફેલાય તે સ્વાભાવિક છે. તો બીજી તરફ વહિવટીતંત્ર દ્વારા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર શહેરમાં અન્ય તાલુકાઓમાંથી તથા સરહદી જિલ્લાઓમાંથી લોકો ખાનગી તથા સરકારી કામ માટે રોજબરોજ આવે છે. જિલ્લામાં સૌથી વધુ કોરોના પોઝીટીવના કેસ હિંમતનગર તાલુકામાં છે ત્યારે જિલ્લા કલેક્ટરે તે અંગે ગંભીરતાને ધ્યાનમાં રાખીને દુકાનોના સમયમાં ઘટાડો કરવા માટે વિચારણા શરૂ કરી છે.

આ અંગે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલે બુધવારે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે અત્યારે હિંમતનગરમાં લોકો ખરીદી કરવા માટે આવી રહ્યા છે પરંતુ સ્વયંભૂ જાગૃતિને અભાવે તથા મોટાભાગના કિસ્સાઓમાં સોશિયલ ડીસ્ટનસીંગ જાળવ્યા વગર ગમે ત્યાં ફરી રહ્યા છે. જેના લીધે ભીડભાડવાળા સ્થળે લોકોના ટોળા હોય તેવી ફરીયાદો તંત્રને મળી રહી છે. જો આમ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો કોરોનાથી સંક્રમણ થવાને લીધે પોઝીટીવ કેસોની સંખ્યામાં ટુંકા દિવસોમાં વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે.

જેને લીધે જિલ્લા કલેક્ટરે નાગરીકોને સાવધાનીપૂર્વક વર્તવા અપીલ જરૂર કરી છે અને કોરોનાનું સંક્રમણ વધે નહી તે માટે ખુબ જ ટુંક સમયમાં વિવિધ વેપારી મંડળના હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરવા તાકીદની બેઠક બોલાવવાનું વિચારાધિન હોવાનું જણાવ્યું છે. આ બેઠકમાં વેપારી મંડળોના મત જાણ્યા બાદ જરૂર પડશે તો પ્રાંતિજ અને મોડાસાની જેમ હિંમતનગરમાં પણ દુકાનોનો સમય ટુંકાવી દેવાનો કઠોળ નિર્ણય લેવો પડે તો પ્રજા અને વેપારીઓએ તેમાં સહકાર આપી તંત્રની તથા પોતાના પરીવારની સલામતી અંગે વિચારવુ પડશે.

ઉલ્લેખનીય છે કે હિંમતનગરમાં અત્યારે મોટાભાગના વેપારીઓ સવારે સાતથી સાંજે સાત વાગ્યા સુધી પોતાના ધંધા રોજગાર ચાલુ રાખે છે. પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા દુકાનો ખોલવાનો અને બંધ કરવાના સમયમાં ઘટાડો થાય તો નવાઈ નહી. હાલ ગામડાઓમાંથી આવતા લોકો બપોર સુધીમાં ખરીદી તથા અન્ય કામ પુરા કરી જતા રહે છે. જેના લીધે બપોર પછી મોટાભાગના વેપારીઓની દુકાનો અને પેઢીઓમાં ગ્રાહકો વિના વેપારીઓ નવરા હોય છે.

# અરવલ્લી કલેક્ટરને જિલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે કોઈ ખબર નથી નો બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલનો સણસણતો આક્ષેપ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨૦ દિવસથી કોરોના વાયરસના કેસોમાં રોજબરોજ નવા કેસ ઉમેરાતા જાય છે.મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોના કેસો રોકેટ ગતિએ રોજબરોજ વધતા લોકો ફફડી ઉઠયા છે.સતત કોરોનાનું ઝડપથી ફેલાઈ રહેલું સંક્રમણ અટકાવવા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ નિષ્ફળ રહ્યું હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ એટલુ ઝડપથી ફેલાય છે કે કોઈને ખબર પડતી નથી. ત્યારે સિવિલ હોસ્પિટલની માંગ સાથે જિલ્લા કલેક્ટર કચેરી સામે પ્રતીક ઉપવાસ પર બેઠેલા બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે અરવલ્લી જીલ્લાને નિર્માણ થયેલ ૭ વર્ષ થવા આવ્યા છતાં સરકાર લોકોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં ઉણી ઉતરી હોવાની સાથે જીલ્લા કલેક્ટરને જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે ખબર ન હોવાનો આક્ષેપ કરતાં સોપો પડી ગયો હતો.



બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહેતા જણાવ્યું હતું કે જીલ્લાના કોરોનાના દર્દીઓને સારવાર માટે હિંમતનગર અને અમદાવાદ મોકલવામાં આવી રહ્યા છે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીને સવાલ પુછી જણાવ્યું હતુ કે જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને ખબર નથી કે જીલ્લામાં કેટલા કેસ છે,કેટલા લોકોનું કોરોનાથી મોત થયું,જીલ્લામાં કેટલાં લોકો કોવીડ-૧૯ થી સંક્રમિત છે,જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે પણ ખબર ન હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો. વધુમા ધારાસભ્ય જશુંભાઈ પટેલે સરકાર પર તેજાબી પ્રહારો કરી લોકો ટેક્સ ચૂકવે છે ત્યારે તેમને સુવિધાઓ મેળવી જોઈએ પણ રાજ્ય સરકાર જીલ્લાને સુવિધા પુરી પાડવામાં અન્યાય કરી રહી છે સરકારે હાથ ઉંચા કરી દીધા છે અને સિવિલ હોસ્પિટલનું નિર્માણ નહિ થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું.

## બાયડ તાલુકામાં કોરોનાના બે કેસ

બાયડ તાલુકાના વાંકાનેડા ગામની ડેરીવાળી ફળી અને ગાબટ ગામનો ગણેશચોક વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે.

# અરવલ્લીમાં સિવિલ હોસ્પિટલ ક્યારે ?ના બેનર હેઠળ કલેકટર કચેરી સામે ધરણા યોજ્યા

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રજાની વ્હારે : પોલીસે ૧૫ થી વધુ કોંગ્રેસીઓની અટકાયત

અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલ નું નિર્માણ ટલ્લે ચઢતાં જીલ્લાના ૧૧ લાખ જેટલા પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે ત્યારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રણે ધારાસભ્યો જીલ્લામાં લોકોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલની માંગને લઈને સરકાર અને તંત્ર સામે લડી લેવાના મુડમાં હોય તેમ સતત વિરોધ પ્રદર્શન,પોસ્ટર વોર,આવેદનપત્ર અને મુખ્યમંત્રીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવામાં આવેની માંગ કરી રહ્યા છે સિવિલ હોસ્પિટલના નિર્માણને લઈને જીલ્લા કોંગ્રેસ સમિતિએ પ્રતીક ઉપવાસની માંગ કરી હતી કલેક્ટરે મંજૂરી ન આપવા છતાં જીલ્લા કોંગ્રેસ સમિતિએ કલેક્ટર કચેરી સમે ધરણા કરતાં પોલીસે ૧૫ થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.






હાલ કોવિડ-૧૯ કોરોના મહામારીમાં ૨૫૦ ઉપરાંત દર્દીઓ કોરોના પોઝિટિવ આવેલ છે. વધુમાં ૨૬ લોકોના મોત થયા છે જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે કોરોનાના દર્દીઓને સારવાર અર્થે હિંમતનગર સહીત અન્ય હોસ્પિટલમાં સારવાર લેવા મજબુર થવું પડે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલની માંગને લઈને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, માલપુર ધારાસભ્ય જશુભાઈ પટેલ અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર એ વારંવાર તંત્રને રજૂઆત કરી છે. છતાં આજદિન સુધી કોઈ પ્રગતિ થઈ નથી.સિવિલ હોસ્પિટલની માંગને લઈને તંત્રને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા કોઈ પ્રત્યુતર ન મળતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ સિવિલ હોસ્પિટલ ક્યારે? ના બેનર હેઠળ ધરણા યોજ્યા હતા કલેકટર કચેરી ખાતે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ સરકારની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી સિવિલની માંગ સાથે સરકાર જીલ્લાના પ્રજાજનોને અન્યાય કરતી હોવાના નારા લગાવ્યા હતા.